# પ્રધાનમંત્રીની ચતુરાઈપૂર્ણ યોજના

– જે. માર્ટીન ફિન્લેહ

કલિંગનો રાજા કાત્યાયન પ્રશંસાનો ભૂખ્યો હતો. જો તેને મળવા જનાર કોઈ તેની જરા સરખી પણ તારીફ કરી દેતું તો તેને તે મોં–માંગી વસ્તુ આપી દેતો.

એક દિવસ રાજા કાત્યાયન દરબારમાં હતો ત્યારે જ એક અજાણ્યો માણસ ત્યાં આવી ગયો અને કહ્યું – ''મહારાજ, હું એક ધનુર્ધર છું. મેં ઘણા દેશોમાં જઈને મારી કલાનું પ્રદર્શન કર્યું છે. હું આપની પાસે આવ્યો છું, કેમકે મેં આપની ઉદારતાનાં ખૂબ વખાણ સાંભળ્યાં છે. મને આશા છે કે તમે મારી એક ઈચ્છા જરૂર પૂરી કરશો.'' કાત્યાયને ખુશ થઈને આગન્તુકને કહ્યું, ''મને બતાવ તારી શી ઈચ્છા છે. હું તે જરૂર પૂરી કરીશ.''

''મહારાજ, ખરેખર તો તે જરા સરખી વાત છે. ખૂબ લાંબા સમયથી મારી ઈચ્છા હતી કે મને તે અધિકાર અને એશોઆરામ મળે જે એક રાજા ભોગવે છે. જો એક મહિના માટે મને આપના સિંહાસન પર બેસવા દો તો હું સંતુષ્ટ થઈ જઈશ.''

ધનુર્ધરની આવી અનપેક્ષિત માંગથી બધા સભાસદો અચંબામાં પડી ગયા. રાજા કાત્યાયન હવે મુશ્કેલીમાં ફસાઈ ગયા અને મદદ માટે તેમણે પ્રધાનમંત્રીની સામે જોયું.

રાજાના સંકેત પર પ્રધાનમંત્રીએ ધનુર્ધરને કહ્યું, ''રાજા બનવા માટે વ્યક્તિએ તેને લાયક હોવું જોઈએ. બીજું કંઈ નહીં તો ધનુર્વિદ્યામાં જ પોતાની યોગ્યતા બતાવો.'' ''જરૂર, જેવી આપની આજ્ઞા'' તેણે કહ્યું ''કાલે મહેલના મેદાનમાં તારી વિદ્યાની પરીક્ષા લઈશું.'' પ્રધાનમંત્રીએ કહ્યું અને તેને મોકલી દીધો. બીજા દિવસે પરીક્ષા જોવા માટે બધા મેદાનમાં એકત્રિત થયા. પ્રધાનમંત્રીએ કહ્યું, ''અમે જે લક્ષ્ય બતાવીએ તેને તારે સતત ત્રણ વાર સફળતાપૂર્વક ભેદવું પડશે.''

''હું તૈયાર છું, ''ધનુર્ધરે કહ્યું. પ્રધાનમંત્રીએ ધનુર્ધરથી સો ગજના અંતરે એક છોકરાને માથા પર જામફળ મૂકીને ઊભો રાખ્યો. પછી તેણે ધનુર્ધરને તે જામફળને વીંધવાનું કહ્યું. ધનુર્ધરે મનમાં વિચાર્યું ''બસ આટલું જ કામ?'' અને ખૂબ સહેલાઈથી જામફળ વીંધી નાંખ્યું. પછી પ્રધાનમંત્રીએ એક બીજા છોકરાને તે જ રીતે માથા પર જામફળ મૂકીને ઊભો રાખ્યો. ધનુર્ધારીએ આ વખતે પણ ખૂબ જ સહેલાઈથી તે જામફળ ને વીંધી નાંખ્યું અને આત્મવિશ્વાસથી જોવા લાગ્યો.

પ્રધાનમંત્રીએ ત્રીજીવાર તે જ સ્થાને એક બીજા છોકરાને ઊભો રાખ્યો અને તેના માથા પર જામફળ રાખ્યું. ધનુર્ધરે નિશાન તાક્યું, પરંતુ તે અચકાઈ ગયો. પછી તેણે નિરાશાજનક સ્વરે કહ્યું, ‘‘હું આ પરીક્ષામાંથી બહાર નીકળું છું.’’ અને કોઈને કંઈ પણ કહેવાની તક આપ્યા વગર ત્યાંથી ચાલતો થયો.



પરીક્ષા જોવા એકત્રિત થયેલા લોકો સમજી ન શક્યા કે આટલો સારો ધનુર્ધર આમ એકાએક પાછળ કેમ હટી ગયો.

પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કર્યું, ‘‘મહારાજ, પહેલા બે છોકરા તેના કોઈ સગા વહાલા નહોતા. તેથી તેને લક્ષ્ય વેધવામાં જરાપણ તકલીફ આવી નહિ, પણ ત્રીજો છોકરો તેનો જ દીકરો હતો. એટલે એનું ધ્યાન લક્ષ્યથી હટીને પોતાના દીકરા પર જતું રહ્યું. અને એ વિચારે કે જો જરા ભૂલ થઈ તો તેના દીકરાનું શું થશે, તેનું ધ્યાન વિચલિત થઈ ગયું.’’

રાજા કાત્યાયને ચતુરાઈથી સ્થિતિ સંભાળી લેવા બદલ પ્રધાનમંત્રીનાં વખાણ કર્યાં અને તેને ઈનામ આપ્યું. રાજાએ પણ પ્રશંસા સાંભળીને આવેશમાં ન આવવાનો પાઠ શીખ્યો. તેણે લોકોની ઉચિત હોય તેવી જ ઈચ્છાઓને પૂર્ણ કરવાનું શરૂ કર્યું.

■